# ગાંધીનગરના રાજકારણીઓ, શરમ કરો... શરમ કરો..!!

ગાંધીનગર મહાનગરપાલિકાના નવા મેયરની વરણીમાં રાજકીય ભવાઈના દૃશ્યો જે રીતે ભજવાયા તેનાથી સમગ્ર ગાંધીનગર શરમ અનુભવે છે. શિક્ષિત-સંસ્કારી અને શાંત ગાંધીનગરની છબિને ખરડવાના પ્રયાસો કરતાં તકસાધુ રાજકારણીઓને ગાંધીનગરની પ્રજા ક્યારેય માફ કરી શકે તેમ નથી. મત માટે બે હાથ જોડીને પ્રજા પાસે કરગરતાં રાજકીય આગેવાનો કેટલા વામણા અને જુઠ્ઠા છે તેનો પરચો પ્રજાને મળી ચુક્યો છે.

**તંત્રી સ્થાનેથી....**

એક નગર સેવકના અપહરણથી લઈને માઈકો તોડવા સુધીની સમગ્ર કાર્યવાહી માત્ર વખોડવા પાત્ર નહીં પણ ધિક્કારને પાત્ર છે. કોર્પોરેટરનું અપહરણ થાય... ભણેલા-ગણેલા નગરસેવકો તુટી ના જાય-ફુટી ના જાય તેના માટે બહાર લઈ જવાય... સામાન્ય સભામાં ઝપાઝપી અને તોડ-ફોડ થાય... ત્યારે રાજકારણીઓના અસલી ચહેરાઓ ઓળખી લેવાની તક પ્રાપ્ત થાય છે. આ પક્ષ હોય કે પેલો પક્ષ હોય... આ જુથ હોય કે પેલુ જુથ હોય... મેયર 'અ' બને કે 'બ' બને તેનાથી પ્રજાને કોઈ નિસ્બત નથી..! પણ પ્રજાને એ નિસ્બત ચોક્કસ છે કે અમારા મતથી ચુંટાયેલો નગરસેવક વિવેકપુર્ણ વર્તન કરે છે કે નહીં..? પદ માટે રૂપિયાની સોદાબાજી કે જ્ઞાતિ સમિકરણોની સોદાબાજીમાં જોડાય છે..?! અને પ્રજાના પ્રશ્નોની રજુઆત માટે મોકલેલ અમારા પ્રતિનિધિઓ અમારી મિલ્કતની (સરકારી) તોડફોડ કરે છે. આ ક્યારેય સાંખી શકાય તેવી વાત નથી ! શાના માટે આવા વરવા દૃશ્યો કરી રહ્યા છે..?! શાના માટે અપહરણ - શાના માટે તોડફોડ - શાના માટે ઝપાઝપી - શાના માટે ગાળાગાળી - શાના માટે કેમ્પ કરવા પડે છે..?! છે કોઈ જવાબ..?!

● અનુસંધાન પાન-૫ પર

www.chipsairexp.com
પરદેશ પાર્સલ સેવા
CHIPS Express
અટરીયા-ધ બિઝનેસ હબ, શોપ નં. B-32, 'KH-0', સરગાસણ ૪ રસ્તા, ગાંધીનગર. M. 9227706105
chipsgnd@gmail.com

પાટનગરનું પોતાનું અખબાર
# ગાંધીનગર સમાચાર
Gandhinagar વર્ષ : (૩૩) અંક નં. ૨૩૮ | ૬ નવેમ્બર, ૨૦૧૮, મંગળવાર; આસો વદ - ૧૪ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

# મનપાનો મહાજંગ રક્તરંજિત-કલંકિત થયો

**મનપાની સભામાં કૂટનીતિ સામે લાગણીનો પરાજય : વરવા દૃશ્યો અને પોલીસનો હળવો બળપ્રયોગ તેમજ ચુસ્ત બંદોબસ્ત વચ્ચે ચૂંટણી પ્રક્રિયા સંપન્ન**







ગાંધીનગર, તા.૫
ગાંધીનગર મનપાની આજે મળેલ સામાન્ય સભામાં કુટનીતિ સામે લાગણીનો પરાજય થયો હતો.

બન્ને પક્ષોએ છેલ્લી ઘડી સુધી છાતી સરખા રાખેલા રાજરમતના પાનાંઓએ ગાંધીનગરની ગરિમાને ઝાંખપ લગાડવા સાથે કલંકિત પણ કર્યું છે.

લાગણીના આવેશમાં કોંગ્રેસે પણ કેટલીક મર્યાદાઓ ઓળંગી હતી તો ભાજપની શાહમૃગી વૃત્તિ આજે નગરના વિવાદોને હાંસિયામાં ધકેલી કૂટનીતિનો વિજય થયો હતો પરંતુ રાજકારણ ગંદકી છે તેવી વાત જનમાનસમાં અંકિત થઈ છે.

ગાંધીનગર મહાનગર પાલિકાના મેયર સહિત ડે. મેયર તેમજ સ્થાયી સમિતિના સભ્યોની ચૂંટણીનો જંગ આજે વધુ એક વખત કલંકિત થયો છે.

મારામારી, ખુરશીઓ ઉછળવી, કાચ તોડવા, માઈકો તોડવાની ઘટનાઓ સાથે ૯૦ મિનિટથી પણ વધુ સમયની શાબ્દીક ટપાટપી બાદ સઘન પોલીસ બંદોબસ્ત વચ્ચે આ ચૂંટણી પ્રક્રિયા સંપન્ન થઈ છે.

કોંગ્રેસના ગઈકાલથી ગુમ થયેલા સભ્ય અંકિત બારોટને રજુ કરવાની માંગ સાથે કોંગી સભ્યોએ આક્રમક રજુઆત કરી હતી. આ જંગ આજે જ યોજવા અને આ સભામાં જ યોજવાની જિદે ચડેલા ભાજપે પણ વળતા શાબ્દીક હુમલાઓ કર્યા હતા.

કોંગ્રેસના બે ધારાસભ્યો ડૉ. સી.જે. ચાવડા, બળદેવજી ઠાકોર, પ્રદેશ મહામંત્રી નિસીત વ્યાસ, શહેર પ્રમુખ ડૉ. કૌશિક શાહ, ભાજપમાંથી પ્રદેશ મહામંત્રી કે.સી. પટેલ, ગુડાના પૂર્વ ચેરમેન

● અનુસંધાન પાન-૫ પર

## ...ને મનપાની મેડીકલ ટીમ સભાખંડમાં દોડી આવી...

ગાંધીનગર, તા. ૫

આજે ગાંધીનગર મનપાની સામાન્ય સભાને લઈ મનપાની મેડીકલ ટીમ સભાસ્થળે પ્રથમવાર હાજર રખાઈ હતી.

ભાજપના જયદેવ પરમારને ડેન્ગ્યુ થયો હોવાને કારણે વ્હીલચેરમાં સભાખંડમાં લવાયો હતો. એ.સી. ચાલુ હોવાને કારણે પહેલાં તેણે ધાબળો ઓઢી રક્ષણ મેળવવાનો પ્રયાસ કર્યો હતો. તે થર થર ધ્રુજતો દેખાતાં પ્રેક્ષક ગેલેરીમાં હાજર પ્રદેશ કોંગી નેતાઓએ સભ્યોને માનવતા દાખવી જયદેવને સારવાર આપવા માટે સૂચનાઓ બુમ-બરાડાઓ સાથે આપી હતી. આ પછી તેણે ઠંડી વધતાં એની વ્હીલચેર આગળ લઈ જવામાં આવી હતી. ત્યાં જ તેને ઉલ્ટીઓ

● અનુસંધાન પાન-૫ પર

## મહાજંગમાં ભાજપના ઉમેદવારોને ૧૬ મત તો કોંગ્રેસને ૧૪ મત મળ્યા

ગાંધીનગર, તા. ૫
ગાંધીનગર મહાનગર





પાલિકામાં ભાજપને સત્તા સંભાળી રાખવામાં આજે સફળતા મળી છે.

ભાજપના ઉમેદવારો મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિમાં બે-બે સભ્યોની બહુમતિ સાથે વિજય મેળવ્યાનું સ્પષ્ટ ચિત્ર ઉપસ્યુ છે જો કે આખરી પરિણામ હાઈકોર્ટમાં મેયર પ્રવિણ પટેલના સિલબંધ કવરને ખોલવામાં આવ્યા બાદ જાહેર થશે.

જ્યાં સુધી હાઈકોર્ટમાં ગણતરી પ્રક્રિયા સંપન્ન થઈ જાય ત્યાં સુધી મેયર, ડે. મેયર અને સ્થાયી સમિતિના ચેરમેન તેમના હોદ્દા પર ચાલુ રહેશે પરંતુ તેઓ કોઈ બેઠક યોજી શકશે નહિ તેમ સત્તાવાર સૂત્રોમાંથી જાણવા મળેલ છે.

મેયર પદ માટે ભાજપના રીટાબેન કેતનભાઈ પટેલને ૧૬

● અનુસંધાન પાન-૫ પર




ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય




રાજધાની પરિવાર તરફથી શુભ દિપાવલી
અને નવા વર્ષની શુભેચ્છાઅઓ સહ...
નૂતન વર્ષાભિનંદન

ચંદુભાઈ ઘોઘારી ૯૮૨૫૦ ૩૭૬૪૦
દિનેશભાઈ ઘોઘારી ૯૮૭૯૫ ૧૧૩૪૦

રાજધાની ટીમ્બર્સ
પ્લોટ નં. ૧૦૧/૧/૧૬, જી.આઈ.ડી.સી., સેક્ટર-૨૮, બગીચા સામે, ગાંધીનગર - ૩૮૨૦૨૮
ફોન : ૦૭૯-૨૩૨૧૧૩૪૦, (ઘર) ૦૭૯-૨૩૨૧૧૩૪૧

નવીનભાઈ ઘોઘારી ૯૮૨૫૨ ૮૧૧૭૭
નિસાંત ઘોઘારી ૯૯૦૯૦ ૩૨૭૪૦

રાજધાની પ્લાયવુડ
પ્લોટ નં. ૩૮૦/૧, શાલીમાર સિનેમાની પાસે, સેક્ટર-૨૬, ગાંધીનગર - ૩૮૨૦૧૬
ફોન : ૦૭૯-૨૩૨૨૮૩૪૦ (ઘર) ૦૭૯-૨૩૨૧૧૩૪૨

શાન્તિલાલા ઘોઘારી ૯૮૨૫૦ ૩૩૭૪૦
રાજેશ પારસિયા ૯૮૭૯૫ ૧૧૩૪૨

રાજધાની હાર્ડવેર
જી-૧૦, મેઘ મલ્હાર કોમ્પલેક્ષ, સેક્ટર-૧૧, ગાંધીનગર - ૩૮૨૦૧૧
ફોન : ૦૭૯-૨૩૨૨૯૦૩૩, (ઘર) ૦૭૯-૨૩૨૧૧૩૪૧
E-mail : rajdhanitph@yahoo.co.in

Navin Patel -98252 81177
Harsh Gogari -97129 43740

R kitchen
Shop no - 5,6 Pratik Mall, Gandhinagar-Koba Highway, Kudasan-382 421
rkitchen6019@gmail.com
KITCHEN GALLERY
VENEER | LAMINATE
PLYWOOD | TEAKWOOD
HARDWARE